ગાંધીનગર સમાચાર

# પોલીસ અત્યાચાર અંગે અહેવાલ આપવા માટે હાઈકોર્ટનો આદેશ

## પોલીસ દ્વારા ખાનગી સંપત્તિને નુકશાન પહોંચાડવાથી કોર્ટ નાખુશ : પોલીસ અત્યાચાર સંદર્ભમાં તપાસ કરીને બે સપ્તાહમાં હેવાલ આપવા શહેર પોલીસ કમિશનરને આદેશ કરાયો : અનેક પોલીસ અધિકારી ઉપર તવાઈ

અમદાવાદ,તા. ૨૭

ગુજરાત હાઈકોર્ટે પોલીસ અત્યાચારના સંદર્ભમાં ગંભીર નોંધ લીધી છે અને સમગ્ર મામલામાં તપાસ કરીને બે સપ્તાહની અંદર અહેવાલ સોંપવા માટે શહેરના પોલીસ કમિશનરને આદેશ કર્યો છે. પાટીદાર સમુદાયની અનામતને લઈને મહારેલી અને ત્યારબાદ વ્યાપક હિંસાવેળા પોલીસ અત્યાચારની ફરિયાદોની ગંભીર નોંધ ગુજરાત હાઈકોર્ટે લીધી છે.

આ સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટે હવે શહેર પોલીસ કમિશનરને તપાસ કરીને અહેવાલ સોંપવા માટે કહ્યું છે. સોલામાં ખાનગી સંપત્તિને નુકશાન કરવાના પોલીસના બનાવના સંદર્ભમાં આ અહેવાલ તૈયાર કરવા કહેવામાં આવ્યું છે. એડવોકેટ વિરાટ પોપટ દ્વારા દાખલ કરવામાં આવેલ અરજીના આધાર ઉપર જસ્ટીસ જેબી પાર્ડીવાલાએ આજે આદેશ કરતા કહ્યું હતું કે, પોલીસ આ રીતે આ પ્રકારના મામલાઓમાં કાર્યવાહી કરી શકે નહીં.આવા પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવા જોઈએ.

ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ બાદ એવું લાગી રહ્યું છે કે, કેટલાક પોલીસ અધિકારીઓ સામે પગલા લેવામાં આવી શકે છે. આંદોલનવેળા હિંસા ભડકી ઉઠતાં પોલીસે કેટલાક લોકોને નિર્દયરીતે માર માર્યા હતા. એડવોકેટ પોપટની સંપત્તિ અને સાથે-સાથે સોલામાં આસ્થા બંગલામાં તેમના પડોશીની સંપત્તિઓને પણ નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું. હિંસક ટોળાએ જાહેર સંપત્તિ અને પોલીસ ચોકીને ટાર્ગેટ બનાવવામાં આવ્યા બાદ પોલીસે રમખાણ દરમિયાન પોપટની સંપત્તિને નુકશાન પહોંચાડ્યું હતું. તેઓએ આ સમગ્ર મામલામાં તપાસની માંગ કરી છે. ભૂલ કરનાર પોલીસ અધિકારીઓ સામે પગલા લેવાની માંગ કરી છે.

ઉપરાંત સંપત્તિને થયેલા નુકશાન માટે વળતરની માંગ કરી છે. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે, સીસીટીવી ફોટાઓ અને મીડિયામાં પ્રકાશિત અહેવાલ દર્શાવે છે કે, પોલીસ પણ આ પ્રકારની પ્રક્રિયામાં સામેલ હતી. જજે રાજ્ય સરકારના વલણ સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.

# તલોદમાં પથ્થરમારા સંદર્ભે ૬ યુવાનો સહિત ૨૦ બાઈકચાલકો વિરુદ્ધ ગુનો નોંધાયો

તલોદ, તા. ૨૭

તલોદમાં પાટીદારોએ બંધના એલાનને સફળ બનાવવા રેલી સ્વરૂપે નીકળી દુકાનો બંધ કરાવતા હતા. દરમિયાન ટાવર પાસે એક દુકાન બંધ કરાવવા જતા અથડામણ સર્જાઇ હતી અને પથ્થરમારો થયો હતો. જે સંદર્ભે નવા ધાધવાસણાના -વિણસિંહ રંગુસિંહ ઝાલાએ તલોદ પોલીસ સ્ટેશનમાં પાટીદાર યુવાનો વિરૂધ્ધ ફરીયાદ કરી હતી.

તલોદ પોલીસે જણાવ્યા મુજબ ટાવર પાસે દુકાન કેમ બંધ નથી કરતા ? તેમ કહી બોલાચાલી કર્યા બાદ આવેલા ટોળાએ પથ્થરમારો કર્યો હતો. ફરિયાદી -વિણસિંહે ફરિયાદમાં સતિષભાઇ પટેલ, રાજુભાઇ પટેલ, સુભાષભાઇ પટેલ, કિરીટભાઇ પટેલ, દિપકભાઇ પટેલ સહિત મોટા ટોળાનો બાઇકો સાથે આવ્યાનો ઉલ્લેખ કર્યો છે. તલોદ પોલીસે -વિણસિંહની ફરિયાદ આધારે રાયોટીંગનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસનની માંગ : કોંગ્રેસ

## શંકરસિંહ, ભરતસિંહ સોલંકી વગેરેની રજૂઆત : યોગ્ય પગલા નહીં ભરાય તો ગુજરાત વર્ગ વિગ્રહ તરફ ધકેલાઈ જશે તેવી દહેશત વ્યક્ત કરતું કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં ભાજપની સરકાર વિવિધ મોરચે નિષ્ફળ નીવડી છે અને પાટીદાર આંદોલન બાદ રાજ્યમાં ફેલાયેલી હિંસામાં પ્રજાનો પોલીસ પરથી વિશ્વાસ ઉઠી રહ્યો છે ત્યારે યોગ્ય પગલા નહીં ભરાય તો ગુજરાત વર્ગ વિગ્રહ તરફ ધકેલાઈ જશે તેવી દહેશત વ્યક્ત કરી કોંગ્રેસના એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે આજે આ અંગે રાજ્યપાલ ઓપી કોહલીને એક વિસ્તૃત આવેદનપત્ર આવી પરિસ્થિતિનો ચિતાર આપ્યો હતો અને દરમિયાનગીરી કરી રાજ્યમાં ભાજપની સરકારને બરખાસ્ત કરી હતી. રાષ્ટ્રપતિ શાસન લાદવાની રજૂઆત કરી હતી. ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, પૂર્વ પ્રમુખો અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, પૂર્વ વિપક્ષી નેતા શક્તિસિંહ ગોહિલ તથા વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા મોહનસિંહ રાઠવા વગેરેના પ્રતિનિધિ મંડળે આજે રાજયપાલની મુલાકાત લઈ આવેદનપત્ર આપ્યું હતું.

આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે આજે અમો કોંગ્રેસ પક્ષ તરફથી ભાજપની સરકારની અનેક નિષ્ફળતાઓ, ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેકારી, કાયદો અને વ્યવસ્થાની બગડતી જતી પરિસ્થિતિ અંગે ગાંધીનગરમાં વિધાનસભાને ઘેરાવો કરી, કુચ કરવાને બદલે ફક્ત શાંતિથી ધરણા થાય અને ધરણા પછી આપને આ આવેદનપત્ર આપવામાં આવે તેવો નિર્ણય કરેલો પરંતુ જે રીતે છેલ્લા બે દિવસથી ગુજરાતમાં પરિસ્થિતિ વણસી છે તે જોતા પોલીસ તંત્રએ કોંગ્રેસ પાર્ટીને ધરણા ન કરવા અને



સહકાર આપવા વિનંત પણ કરેલી. પરિણામે ગુજરાતની સ્થિતિ વધારે ન વણસે માટે પોલીસની વિનંતીને ધ્યાનમાં રાખી ધરણાનો કાર્યક્રમ બંધ રાખ્યો છે.

ગુજરાતમાં છેલ્લા દોઢ બે મહિનાથી કાયદો અને વ્યવસ્થાની જાળવવામાં સરકાર સાવ નિષ્ફળ ગઈ છે. એમાંય વિસનગર જેવા શહેરમાં નિકળેલી એક રેલી પર પોલીસે જે રીતે ટીયરગેસ, લાઠીચાર્જ અને ફાયરિંગ કરીને લોકોને ઉશ્કેરવાની ઘટના બની તેના લીધે પરિસ્થિતિ વધારે વણસી ગઈ. વિસનગરનો બનાવ બન્યો તેના બીજા જ દિવસે ભાજપ સરકારને વિનંતી કરેલી કે નિર્દોષ પ્રજાજનો ઉપર અંગ્રેજોની માફક ગોળીબાર અને ટીયરગેસ છોડવાનો સહારો ન લે અને આંદોલનકારીઓ સાથે વાતચીત કરે. એમ નહીં કરે તો ગુજરાતમાં બળવો અને વર્ગ વિગ્રહની પરિસ્થિતિ ઉભી થશે અને ભાજપની સરકાર ૨૦૧૬ની સાલ નહીં જુએ, એમ પણ કહેલું પરંતુ ગુજરાતના વિકાસ મોડલની પોલ ખોલતું પાટીદાર સમજાનું આ આંદોલન જેમાં સવિશેષ શિક્ષણના વ્યાપારીકરણ અને બેકારીનો ભોગ બનેલા યુવાનોએ ભાજપ સરકારની અને તેમના વિકાસની ખોટી વાહ વાહ અને જાહેરાતોથી તંગ આવીને ગુજરાતભરમાં રેલીઓના માધ્યમથી અનામતની માંગ સાથે રસ્તા અત્યારે આડેધડ રીતે પોલીસ પ્રજાના ઘરોમાં ઘૂસી જઈ તોડફોડ કરે, વાહનો અને જાણે એક સરમુખત્વાર સરકાર હોય અને તેને કોઈની પડી ન હોય તેમ પોલીસ તંત્રને પ્રજાને મારવા માટે છુટો દોર આપી દીધો હોય તેવું લાગે છે, પરીણામે પ્રજાનો પોલીસમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે અને સામે પક્ષે પોલીસ પણ પોતાની સુરક્ષાના હેતુથી પોતાના ઉપર હુમલો તો નહીં કરે ને તે રીતે પ્રજાને શંકાની નજરે જોઈ રહી છે, તે બંધ થાય અને ગુજરાત પ્રજાનનો રોંજિંદો પોતપોતાનો વ્યવહાર શાંતિથી સુલેહભર્યા વાતાવરણમાં કરે અને ગુજરાતમાં ફરીથીં શાંતિતી હરતુ ફરતુ થાય તેવી અમો આપની પાસે અપેક્ષા રાખીને છીએ.

# ડીસાના રેજીમેન્ટ રોડના ૪૦ જેટલા પાકા દબાણોનો સફાયો

ડીસા, તા. ૨૭

ડીસામાં શહેરને આધુનિક બનાવવા અને જાહેર રસ્તાના નવીનીકરણ માટે ડીસા પાલિકાએ મુખ્ય રસ્તા સુવિધાજનક અને પહોળા કરવાની કાર્યવાહી હાથ ધરી છે જેમાં પ્રથમ તબક્કામાં આવા રસ્તામાં આવેલા દબાણો દૂર કરવા કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ૨૪ કલાકની નોટીસ બાદ પણ સ્વેચ્છાએ પોતાના દબાણો દૂર કરવામાં ગલ્લા-તલ્લા કરતા દબાણદારો સામે કાયદાની કડકાઈએ પાલિકા દબાણ સેલે કાર્યવાહી હાથ ધરી ૪૦ જેટલા નડતરરૂપ પાકા દબાણો આજે તોડી પાડતા દબાણદારોમાં દોડધામ મચી હતી.

આ અંગે પાલિકાના પૂર્વપ્રમુખ વિપુલભાઈ શાહે જણાવેલ કે ડીસા શહેર વિકસિત અને ગતિશીલ શહેરની વ્યાખ્યામાં આવતું મોખરાનું શહેર છે. અહીં ધંધા રોજગારની વિપુલ તકો હોઈ શહેરમાં આવનાર વર્ષો માટે મુખ્ય જાહેર રસ્તા સુવિધાજનક હોવા પ્રાથમિક જરૂરીયાત બની છે. જે માટે સરકાર અને શહેરીજનો સાથે સંકલન રાખી મુખ્ય માર્ગોનું નવીનીકરણની કાર્યવાહી હાથ ધરી છે, જેમાં સખેદ કેટલાક નડતરરૂપ દબાણો હટાવાયા છે. જે રસ્તાના વિકાસ માટે જરૂરી કાર્યવાહી હતી. આપણા શહેરના વિકાસમાં આપ સહુ ભાગીદાર બની સહુ નાગરિક સ્વેચ્છાએ જો તેમનું દબાણ નડતરરૂપ હોય તો તે દૂર કરવા આગળ આવે તેવી તેમને અપીલ કરી હતી. જ્યારે બીજી તરફ ડીસા નગરપાલિકા દબાણસેલે જલારામ મંદિરથી રેજીમેન્ટ જતા મુખ્ય રસ્તાના નડતરરૂપ દબાણદારોને તેમના દબાણો હટાવવા અગાઉ અને તાજેતરમાં ૨૪ કલાકની સમય મર્યાદા સાથેની નોટીસ આપી હતી. જેને દબાણદારોએ અવગણી હતી. જે બાદની કાર્યવાહીમાં આજે રેજીમેન્ટ રોડ પરના દુકાનો અને મકાનો સહિતના ૪૦ જેટલા દબાણો પાલિકા ટીમે જેસીબી મશીનની મદદથી દૂર કર્યા હતા જેનાથી દબાણદારોમાં ફફડાટ ફેલાયો હતો.

## અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન એક ઝમકદાર સમારંભમાં વિજ્ઞાપન ઉદ્યોગના ક્રિએટીવ જીનીયસનું બહુમાન કરશે

અમદાવાદ, તા. ૨૭

વિજ્ઞાપન અંગે એટલું જ કહી શકાય તે એક એવું માધ્યમ છે કે જે વિઝ્યુઅલ અને વાંચન સામગ્રી દ્વારા એક બ્રાન્ડ તરફનો અભિગમ બદલે છે, અને આવા અનોખાં વિજ્ઞાપનોનું બહુમાન કરવા માટે અમદાવાદમાં તેની સાથે સંકળાયેલા સમુદાયે શહેરમાં સૌ પ્રથમ વાર એક અનોખા એવોર્ડ સમારંભનું આયોજન કર્યું છે. વિજ્ઞાપનનાં ક્ષેત્રોની સર્જનાત્મક પ્રતિભાઓનું સન્માન કરવાના ઉદ્દેશથી અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન દ્વારા મિડીયા એવોર્ડઝ એનાયત કરવાનું આયોજન કરાયું છે. એએસીએ મિડીયા એવાર્ડઝ ૨૦૧૫માં ઉદ્યોગની કુશાગ્ર પ્રતિભાઓની કદર કરાશે. આ અનોખા એવાર્ડઝને વિવિધ કેટેગરીમાં વહેંચી નાખવામાં આવેલ છે. આ સમારંભમાં વિજ્ઞાપન એજન્સીઓનું તેમણે વિજ્ઞાપન ક્ષેત્રે કરેલા પ્રદાન બદલ બહુમાન કરવામાં આવશે.

ગુજરાતના વિજ્ઞાપન સમુદાયને એવાર્ડ સમારંભ સમર્પિત કરીને એએસીએ તેનું રજત જયંતિ વર્ષ ઉજવી રહી છે. એમાં ઉદ્યોગના મહાનુભાવો તો સામેલ થશે જ, પણ સાથે સાથે પ્રસિદ્ધ નેશનલ અને ઈન્ટરનેશનલ બ્રાન્ડઝ માટે પ્રતિભા દાખવનાર ઘણા સ્ટાર્ટ-અપ પણ તેમાં ભાગ લઈ રહ્યા છે. એવાર્ડઝ માટે માત્ર એએસીએની સભ્ય એજન્સીઓ પૂરતા જ સિમિત રહેશે. એડવર્ટાઈઝીંગ અને મિડીયા ક્ષેત્રના પ્રસિદ્ધ પ્રોફેશનલ્સની બનેલી જ્યુરી પેનલ એન્ટ્રીઝની ચકાસણી કરશે અને દરેક કેટેગરીમાં વિજેતાની પસંદગી કરશે. આ એવાર્ઝને પાંચ કેટેગરીમાં વહેંચી નાખવામાં આવ્યા છે જેમાં પ્રિન્ટ, ટીવી/સિનેમા, રેડીયો, આઉટડોર, અને કોર્પોરેટ એક્સેલન્સનો સમાવેશ થાય છે. એક ચોક્કસ એવોર્ડ માટે એન્ટ્રીઝ મંગાવવામાં આવી છે, જેનો વિષય રાખવામાં આવ્યો છે "Traffic Awareness"

# ધડકણ અને વજાપુર પાસે વાહનને નુકસાન પહોંચાડતા ૩૦ સહિત ૧૬૦ના ટોળા વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૭

-ંતિજ તાલુકાના વજાપુર પાટીયા નજીક તથા ઘડકણ પાસે બુધવારે બંધના એલાન દરમિયાન રોડ પર આડશો મુકીને તેને નુકશાન પહોંચાડતા પોલીસે બંને ઘટના સંદર્ભે ૩૦ સહિત ૧૬૦?? ટોળા વિરૂધ્ધ -ંતિજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વજાપુર પાટીયા પાસેથી બુધવારે રાત્રે પસાર થઈ રહેલ ટ્રેલર નં.એમ.એચ.૧૪.સીપી.૯૦૪૮ ને ૨૦?? વધુના ટોળાએ અનામત આંદોલનના ભાગરૂપે સરકારને દબાણમાં લાવવાના હેતસુર ટ્રેલરમાંથી પાંચ ટાયર કાઢી સળગાવી દીધા હતા. જોકે પોલીસે તરત જ આવીને આગ બુઝાવી દીધી હતી. ત્યારબાદ ગુરૂવારે જાવેદરહીશભાઈ પઠાણની ફરિયાદને આધારે હર્ષદભાઈ, રમેશભાઈ, બળદેવભાઈ, પિન્ટુ, વિષ્ણુભાઈ, અશોકભાઈ સહિત ૧૦ ટોળા વિરૂધ્ધ -ંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઘડકણ પાસે બુધવારે સવારે કપચી ભરી જતી ટ્રકોને કેટલાક યુવાનોએ ઉભી રખાવી ટ્રકોના કાચ તોડી નાખ્યા હતા તથા કપચી રોડ પર નાખી દેવામાં આવી હતી. જે અંગે કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ કિરીટસિંહે વિજયભાઈ પટેલ, જયપાલભાઈ પટેલ, કુંદનભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ ભાવિકભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, જયકિશન પટેલ, રિપ્પલ પટેલ અને હર્ષદ પટેલ સહિત ૧૫૦?? ટોળા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# રામપુર ચોકડી પર થયેલા તોફાન સંદર્ભે ૫૦૦ પાટીદારો વિરુદ્ધ ફરિયાદ

વડાલી, તા. ૨૭

વડાલી તાલુકાના રામપુર ચોકડી પાસે બુધવારે બંધના એલાન દરમિયાન કેટલાક યુવાનોએ રોડ પર આડશો મુકી વડાલી મામલતદારની ગાડીની તોડફોડ કરતા પોલીસે ૫૦૦ પાટીદારો વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી હતી. જે સંદર્ભે સાત શખ્સોની અટકાયત પણ કરાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ગુજરાત બંધના એલાન દરમિયાન વડાલીના રામપુર ચોકડી પાસે કેટલાક યુવાનોએ આવી રોડ પર આડશો મુકી વાહન વ્યવહાર બંધ કરી દીધો હતો. તેમજ કેટલાક યુવાનોએ વડાલી મામલતદાર સી.વી.પટેલની ગાડીની પણ તોડફોડ કરી રૂા.૫૦ હજારનું નુકશાન પહોંચાડયુ હતું. જેના કારણે ચાલક મહિપાલસિંહ દિલીપસિંહ ચંપાવત તથા કોન્સ્ટેબલ -કાશભાઈ પટેલને ઈજા થતાં સારવાર માટે ખસેડયા હતા.

# હિંમતનગરમાં વાહનોને નુકસાન પહોંચાડતા પાંચ શખ્સો સહિત હજારના ટોળા વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગરના મહાવીરનગરમાં ઉમિયા સમાજવાડી ખાતે બંધના એલાન દરમિયાન બુધવારે વિરોધ -દર્શન કરી રહેલા ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરીને સરકારી વાહનને નુકશાન પહોંચાડતા પોલીસે પાંચેક ઈસમો ઉપરાંત હજાર લોકોના ટોળા વિરૂધ્ધ રાયોટીંગનો ગુનો દર્જ કર્યો હતો. એલ.સી.બી. પી.એસ.આઈ.ની ફરિયાદ આધારે સરકારી તેમજ ખાનગી મિલ્કતને નુકશાન કરવાના તેમજ સરકારી ફરજમાં રૂકાવટ ઉભી કરવાના મામલે ગુનો નોંધાયો હતો.

વિગત અનુસાર ગત મંગળવારે અમદાવાદ ખાતેના જીએમડીસી ગ્રાઉન્ડ પરથી પાટીદાર અનામત આંદોલનના આગેવાન હાર્દિક પટેલની અટકાયતના વિરોધમાં અપાયેલા ગુજરાત બંધના એલાનને પગલે બુધવારે શહેરના મહાકાળી મંદિર રોડ પર આવેલી ઉમિયા સમાજવાડી ખાતે લોકો એકત્ર થયા હતા. એકત્ર થયેલા લોકોના ટોળાએ પોલીસ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરીને પોલીસ ઉપર પથ્થરમારો કર્યો હતો. પોલીસે એકઠા થયેલા લોકોને વિખેરાઈ જવાની સુચના આપવા છતાં પણ પથ્થરમારો ચાલુ રાખતા સરકારી વાહન જીપ નં.જીજે.૯.જી.૫૭૮ ને નુકશાન થવા પામ્યુ હતું.

એલ.સી.બી. પી. એસ. આઈ. કે. ડી. બ્રહ્મભટ્ટએ -િયવદન -કાશભાઈ પટેલ, રવિકુમાર હસમુખભાઈ પટેલ, રાજુભાઈ સોમાભાઈ પટેલ ઉર્ફે એનઆરઆઈ, ભરતભાઈ રામાભાઈ પટેલ અને બ્રિજેશ કાન્તિભાઈ પટેલ ઉપરાંત આશરે એક હજાર લોકોના ટોળા વિરૂધ્ધ રાયોટીંગ તેમજ સરકારી અને ખાનગી મિલ્કતને નુકશાન પહોંચાડયાના મામલે બુધવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આમ હિંમતનગર એ-ડીવીઝન પોલીસે બુધવારે બંધના એલાન દરમિયાન શહેર નજીકના સહકારીજીન ચાર રસ્તા, પોલીટેકનીક ચાર રસ્તા, કાંકણોલ પાસે અને મહાવીરનગર ખાતે બનેલી વિવિધ ઘટનાઓ સંદર્ભે આંદોલનકારીઓ વિરૂધ્ધ ત્રણ ગુના નોંધી મામલાની તપાસ હાથ ધરી છે.

## સપ્લાય બંધ કરી દઈશું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યો છું. કેજરીવાલ સાથેના ફરતા થયેલા ફોટો મારા નથી..!

હાર્દિક પટેલે પાટીદાર રેલી બાદ થયેલા તોફાનોમાં શહીદ થયેલા પાટીદારોને શ્રદ્ધાંજલિ અર્પીને સરકારને અલ્ટીમેટમ આપ્યું હતું કે જો ૩૬ કલાકમાં મૃત્યુ પામેલા પાટીદારોને રૂ. ૩૫ લાખનું વળતર ચુકવવામાં નહી આવે અને આ કૃત્ય પાછળ જવાબદાર પોલીસ અધિકારી-કર્મચારીઓ સામે ગુનો નોંધી સસ્પેન્ડ કરવામાં નહીં આવે તો દૂધ-શાકભાજીનો સપ્લાય બંધ કરી દઈશુ ..! આજે ગુરૂવારે રાત્રે આ ૩૬ કલાકનું અલ્ટીમેટમ પૂર્ણ થાય છે એટલે રાત સુધીમાં કોઈ પગલા નહી લેવાય તો શુક્રવારથી શહેરોમાં દૂધ-શાકભાજી નહી જાય તેવી ચિમકી ઉચ્ચારી છે. તે સાથે જે પાટીદારોએ બલિદાન દીધા છે તેમના બલિદાન નિષ્ફળ નહી જાય... તેને માન-સન્માન મળશે અને બનતી મદદ કરીશુ...! તેમ હાર્દિક પટેલે ઉમેર્યુ હતું.

## ટીંગાટોળી... ● ત્રીજા પાનાનું ચાલુ

અધ્યક્ષની વારંવારની વિનંતી કરવા છતાં પણ કોંગ્રેસના સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખતા આખરે વિધાનસભા અધ્યક્ષે ઉભા રહીને સુત્રોચ્ચાર કરી રહેલા કોંગ્રેસના તમામ સભ્યોને આજની ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરીને ગૃહમાંથી બહાર જવા આદેશ આપીને ગૃહની કાર્યવાહી રીસેસ સુધી મુલ્તવી રાખવામાં આવી હતી.

અધ્યક્ષના આદેશ પછી પણ વિપક્ષ કોંગ્રેસના સભ્યો પુનઃ ગૃહમાં પાછા આવતા અધ્યક્ષે કોંગ્રેસના સભ્યોને બહાર જવાનો આદેશ આપવા છતાં બહાર ન જતાં અધ્યક્ષએ વિધાનસભાના સાર્જન્ટોને કોંગ્રેસના સભ્યોને બહાર લઈ જવાનો આદેશ આપતાં કોંગ્રેસના સભ્યો વેલમાં ઘસી આવીને બેસી જતાં આખરે સાર્જન્ટોએ કોંગ્રેસના સભ્યોની ટીંગાટોળી કરીને ગૃહમાંથી બહાર લઈ ગયા હતા. વિપક્ષના તમામ સભ્યોને ગૃહમાંથી બહાર લઈ જવામાં આવતા વિપક્ષના નેતા પણ ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

## ગૃહમાં ધાંધલ મચાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિપક્ષના સભ્યોએ ઉભા થઈ આતંકવાદી યે સરકાર નહી ચલેગી ભાગલાવાદી યે સરકાર નહી ચલેગીના સૂત્રોચ્ચાર સાથે ગૃહમાં હોબાળો મચાવ્યો હતો.

વિપક્ષના દેકારા પડકારા અને સૂત્રોચ્ચાર વચ્ચે અતિવૃષ્ટી અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પરની ચર્ચાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ દરમ્યાન વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર સાથે પાટલીઓ થપથપાવીને ગૃહમાં હોબાળો મચાવીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડ્યો હતો એટલું જ નહી વિપક્ષના સભ્ય અશ્વિન કોટવાલ, અમીત ચાવડાએ કાગળો ફાડીને ગૃહમાં ઉછાળીને ધાંધલ મચાવી હતી. સતત ૧૫ મીનીટથી વધુ સમય સુધી વિપક્ષના સભ્યોએ ગૃહમાં હોબાળો મચાવ્યો હતો.

વિધાનસભા અધ્યક્ષે વિપક્ષના સભ્યોને શાંત રહેવા અને પોતાની જગ્યાએ બેસવાની સૂચના આપવા છતાં પણ વિપક્ષે સૂત્રોચ્ચાર અને ધમાલ ચાલુ રાખતા આખરે વિધાનસભા અધ્યક્ષે ગૃહની કાર્યવાહી અડધો કલાક મુલત્વી રાખી હતી.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મામલતદાર કચેરીઓ માટે રેવન્યુ તલાટીની ખાલી જગ્યાઓ અને મંજૂર મહેકમને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં કુલ ૪૫ તલાટીની જગ્યાઓ કલેક્ટર કચેરી અને મામલતદાર કચેરી માટે મંજૂર થયેલી છે. જે પૈકી હાલ ૨૦ જગ્યાઓ ખાલી છે.

મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે મંજૂર થયેલ મહેકમમાં ગાંધીનગર મામલતદાર માટે ૧૦, માણસા માટે ૮, કલોલ માટે ૯, દહેગામ માટે ૧૨ તથા કલેક્ટર કચેરી માટે ૬ જગ્યાઓ મહેસુલી તલાટીની મંજૂર કરાયેલી છે. આ પૈકી ગાંધીનગર મામલતદારમાં ૪, માણસામાં ૫, કલોલમાં ૪, દહેગામમાં ૫ અને જિલ્લાકક્ષાએ ૨ તલાટીની જગ્યાઓ ખાલી છે.

● અને છેલ્લે...

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લાની નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં પીવાના પાણીની યોજનાના કામોને અપાયેલ મંજૂરી અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે બે વર્ષ અગાઉ મંજૂરી અપાઈ ગઈ હોવાથી ૩૧-૩-૧૫ સુધીમાં કોઈ નવી યોજનાને મંજૂરી અપાઈ નથી.

તો કોંગીના કામીનાબા રાઠોડે દેવકરણના મુવાડાને સા.આ. કેન્દ્ર આપવાની માંગણી વસ્તીના ધોરણોના માપદંડને જોતા શક્ય નહિ હોવાનું આરોગ્યમંત્રીએ જણાવ્યું છે.

## ગૃહની કાર્યવાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના સભ્યોએ આજે જુદા જુદા તબક્કે મળી ૪૫ મિનિટ સુધી સૂત્રોચ્ચાર કર્યા હતા તો આ સૂત્રોચ્ચાર દરમ્યાન કાગળના કુરચા ઉડાડવા, ચોપડીઓ ફેંકવી, ખુરશી પર ચડી જવુ જેવા દ્દશ્યો સર્જી ગૃહને ઉત્તેજીત રાખ્યું હતું.

કોંગ્રેસના સભ્યોએ મચાવેલા તોફાનને ધ્યાને લઈ અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવાએ નિયમોના નિયમ ૫૧ હેઠળ ઉભા ઉભા સૂત્રોચ્ચાર કરી રહેલા વિપક્ષના તમામ સભ્યોને સસ્પેન્ડ કર્યા હતા.

જોકે પહેલા તેમને સભ્યોને સ્વંય શિસ્ત દાખવી નીકળી જવા જણાવ્યું હતું પરંતુ તેમ ના કરતાં તેમણે સાર્જન્ટોને બોલાવી આ સભ્યોને દૂર કર્યા હતા.

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોતરીકાળ દરમ્યાન વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ પાટીદારો પરના પોલીસ દમનનો મુદ્દો ઉઠાવીને સૂત્રોચ્ચાર સાથે હોબાળો મચાવીને ગૃહની કાર્યવાહીને ખોરવી નાંખી હતી. ભાગલાવાદી ત્રાસવાદી ભાજપ સરકાર નહી ચલેગી ના સૂત્રોચ્ચાર હોબાળો મચાવી મુક્યો હતો. વિધાનસભા અધ્યક્ષની શાંત રહેવાની વારંવારની વિનંતી કરવા છતાં વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખતા આખરે વિધાનસભા અધ્યક્ષે ગૃહની કાર્યવાહી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય ત્યાં સુધી ગૃહની કાર્યવાહી મુલ્તવી રાખવાની ફરજ પડી હતી.

વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી કાળ પહેલા વિપક્ષ કોંગ્રેસના સભ્ય રાઘવજીભાઈ પટેલનો ડેન્ગ્યુ અંગે ટુંકી મુદતના પ્રશ્નની કાર્યવાહી હાથ પર લેવામાં આવી હતી. જો કે રાઘવજીભાઈ પટેલે ડેન્ગ્યુના રોગચાળાના પ્રશ્નની રજુઆત કરવાને બદલે રાજ્યમાં પોલીસ દ્વારા પાટીદારો પર કરાયેલા દમન અંગેનો મુદ્દો ઉઠાવતા વિધાનસભા અધ્યક્ષ ગણપતભાઈ વસાવાએ તેમને અટકાવાવનો પ્રયાસ કરીને ડેન્ગ્યુના પ્રશ્ન અંગે ચર્ચા કરવા જણાવ્યું હતું.

આમ છતાં રાઘવજીભાઈ પટેલે પાટીદારોના મુદ્દો ઉઠાવવાનું ચાલુ રાખતા વિપક્ષ અને સત્તા પક્ષના સભ્યો ઉભા થઈને સામસામી દેકારા પડકારા શરૂ કરતાં ગૃહમાં હોબાળો મચી ગયો હતો અને ગૃહની કાર્યવાહી ખોરવાઈ હતી.

વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ભાગલાવાદી આ સરકાર નહી ચલેગી ત્રાસવાદી આ ભાજપ સરકાર નહી ચલેગીના ભારે સૂત્રોચ્ચાર સાથે ગૃહમાં હોબાળો મચાવીને કાર્યવાહી ખોરવી નાંખી હતી.

વિધાનસભા અધ્યક્ષ ગણપતભાઈ વસાવાએ વિપક્ષના સભ્યોને શાંત થવા જણાવ્યું હતું અને ગૃહમંત્રી નિયમ-૪૪ અંગે આ અંગે નિવેદન કરવાના હોઈ ત્યારે આ મુદ્દે ચર્ચા કરી શકાશે. આથી શાંત થઈ પોતાની જગ્યાએ બેસવા જણાવ્યું હતું.

પરંતુ વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખીને ગૃહમાં હોબાળો મચાવતા કાર્યવાહી ખોરવાતા આખરે વિધાનસભા અધ્યક્ષે ગૃહની કાર્યવાહી પ્રશ્નોત્તરી સમય સુધી મુલત્વી રાખી હતી.